# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-04-2025** **Midday : 2.30 to 2.35pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.

# EMERGANCY SERVICES

રાજ્યમાં '108 ઇમરજન્સી સેવા' શરૂ થઇ ત્યારથી માર્ચ 2025 સુધીમાં એક કરોડ 75 લાખથી વધુ કોલ નોંધાયા છે, જેમાં 57 લાખ 62 હજારથી વધુ પ્રસૂતિ સંબંધિત તેમજ 21 લાખ 36 હજારથી વધુ માર્ગ અકસ્માતની ઘટનાઓમાં ઈમરજન્સી સેવા પૂરી પાડવામાં આવી છે. '108 ઇમરજન્સી સેવા' ઉપરાંત સપ્ટેમ્બર 2012થી કાર્યરત 434 જેટલી ખિલખિલાટ વાનનો વર્ષ 2024 સુધીમાં એક કરોડ 23 લાખથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. જ્યારે વર્ષ 2015થી શરૂ થયેલી 181 મહિલા હેલ્પલાઇન અંતર્ગત 15 લાખ 84 હજારથી વધુ કોલ એટેન્ડ કરીને 59 વાન દ્વારા 3 લાખ 17 હજારથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે. આ ઉપરાંત 104 હેલ્થ હેલ્પલાઇન દ્વારા વર્ષ 2024 સુધીમાં 51 લાખ 26 હજારથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. જ્યારે 108 બોટ એમ્બ્યુલન્સ દ્વારા 753 નાગરિકોનો આપાતકાલીન સેવાઓ પૂરી પાડવામાં આવી છે.

# RAJKOT-MUMBAI TEJAS TRAIN

પશ્ચિમ રેલ્વે ઉનાળા દરમિયાન પ્રવાસીઓની સુવિધા માટે રાજકોટ અને મુંબઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન વચ્ચે વિશેષ ભાડા પર સુપરફાસ્ટ તેજસ સ્પેશિયલ ટ્રેન દોડાવશે. 21 એપ્રિલથી 29 મે સુધી દોડનારી આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, સુરત, વડોદરા, આણંદ, અમદાવાદ, વિરમગામ, સુરેન્દ્રનગર અને વાંકાનેર સ્ટેશનો પર ઉભી રહેશે.

રાજકોટથી આ સુવિધાનો પ્રારંભ 22 એપ્રિલથી થશે અને મંગળવાર,  ગુરુવાર અને શનિવારે રાજકોટથી સાંજે ૬.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે સવારે ૭.૩૦ વાગ્યે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. આ જ રીતે મુંબઈ સેન્ટ્રલથી દર સોમવાર, બુધવાર અને શુક્રવારે રાત્રે 11.20 વાગ્યે ઉપડશે અને બીજા દિવસે બપોરે પોણા બાર વાગ્યે રાજકોટ પહોંચશે.

બંને ટ્રેનોનું બુકિંગ આજથી શરૂ થયું છે.

# Porbandar Train Route Change

પૂર્વોત્તર રેલવેના કુસમ્હી-ગોરખપુર-ગોરખપુર કેન્ટ સ્ટેશનો વચ્ચે નોન-ઈન્ટરલોકીંગ કાર્યને કારણે, પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેન રૂપાંતરિત માર્ગ પર ચાલશે. 24, 25 એપ્રિલ અને 1, 2 મેનાં રોજ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ગોરખપુર કેન્ટ-ભટની જંક્શન-છપરા ગ્રામિણ – મુજફ્ફરપુર જંક્શન થઈને જશે.

આ જ રીતે મુઝફ્ફરપુર- પોરબંદર એક્સપ્રેસ 27, 28 એપ્રિલનાં રોજ આ જ રૂટ પર દોડશે.

વધુ માહિતી રેલવેની વેબસાઇટ www.enquiry.indianrail.gov.in પર ઉપલબ્ધ છે.

# DANG- POSHAN-PAKHVADIYU

ડાંગ જિલ્લામાં પોષણ પખવાડાની ઉજવણી થઈ છે. હાલ ડાંગ જિલ્લામાં કુલ 15 હજાર 785 બાળકો આંગણવાડીમાં નોંધાયેલા છે, જે પૈકી કુલ 301 બાળકો અતિ ગંભીર કુપોષિત છે, પોષણ આબિયાં હેઠળ, આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા કુલ 88 અતિ કુપોષિત બાળકોની ગૃહ મુલાકાત કરવામાં આવી અને તેમના વાલીઓને બાળકોની સાચી પોષણ સ્તરની સ્થિતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

# CHHOTA UDEPUR TALIM

છોટાઉદેપુર જિલ્લાના બોરકંડા ગામની ધોરણ 10 સુધી અભ્યાસ કરેલી પાયલ રાઠવાએ 825 લોકોને રોજગરલક્ષી તાલીમ આપી છે. જેનાથી 700 લોકો રોજગારી મેળવતા થયા છે, તો 150 લોકોએ તાલીમ મેળવી આર્થિક સધ્ધરતા પણ પ્રાપ્ત કરી છે. આ અંગે પાયલ રાઠવાએ વધુ માહિતી આપી.

(બાઈટ: પાયલ રાઠવા)

# AMRELI AAG

અમરેલી જિલ્લાના આંબરડી ગામ નજીક આવેલ ખેતીવાડી વિસ્તારમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. આગ 200 વિઘાથી વધુ વિસ્તારમાં ફેલાઈ હતી. આગ લાગવાની જાણ થતાં જ ફાયરના ચાર ટીમો ઘટના સ્થળે પહોંચી આગ પર કાબુ મેળવ્યો હતો.

આ વિસ્તાર સિંહોનું મુખ્ય નિવાસ સ્થાન છે. પૂર્વ ડીસીએફ વિકાસ યાદવે જણાવ્યું હતું કે આગની ઘટનામાં વન્યપ્રાણી કે સિંહોને કોઈ નુકસાન થયું નથી અને આગ પર કાબુ મેળવી લેવાયો છે.

# GANDHINAGAR KHEL MAHAKUMBH

મહેસાણા જિલ્લાના ઉપેરા ગામની વરિષ્ઠ નાગરિકોની ટીમે ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. ગાંધીનગરના રાંધેજા ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં બનાસકાંઠા, પાટણ, પોરબંદર, મહેસાણા, નવસારી, તાપી અને વડોદરા ગ્રામ્યની ટીમોએ ભાગ લીધો હતો. ઉપેરા ગામની ટીમે રાજ્યમાં પ્રથમ નંબર મેળવી ગામનું ગૌરવ વધાર્યું હતું.

# CRICKET-IPL

IPL ક્રિકેટમાં, આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સનો મુકાબલો દિલ્હી કેપિટલ્સ સામે થશે, મેચ હમણાં ત્રણ વાગે શરૂ થશે જ્યારે અન્ય એક મેચમાં જયપુરમાં સાંજે સાડા સાત વાગે રાજસ્થાન રોયલ્સ લખનૌ સુપર જાયન્ટ્સ સામે ટકરાશે.

દરમ્યાન ગઇકાલે પંજાબ કિંગ્સે ચેન્નાઈમાં વરસાદથી પ્રભાવિત મેચમાં રોયલ ચેલેન્જર્સ  બેંગ્લોરને પાંચ વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા બેંગ્લોરે 14 ઓવરમાં 95 રન બનાવ્યા. પંજાબે 11 બોલ બાકી રહેતા 96 રનનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો.

# DAMAN SHIBIR

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ અને બાર એડવોકેટ એસોસિએશન દ્વારા વિશેષ કાનૂની જાગરૂકતા શિબિરનું આયોજન કરાયું. જેમાં એડવોકેટોએ મધ્યસ્થતા અંગે વિસ્તૃત માહિતી આપી. સાથે, સિવિલ જજ પવન બંસોડે પણ મધ્યસ્થાના લાભોની વિસ્તૃત સમજ આપી અને કાયદેસરની સેવાઓની સરળતા વિશે માહિતી આપી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)